ગાંધીનગર સમાચાર



# શહેરમાં ગરબા કલાસીસનો પ્રારંભ

## નવરાત્રીમાં ગરબે ઘુમી માતાજીની આરાધના કરવા નગરનું યુવાધન અત્યારથી અવનવા સ્ટેપ્સ શીખી રહ્યું છે

ગાંધીનગર, તા.૧૧

નવલી નવરાતને હજી અઢી માસથી વધુનો સમય બાકી રહ્યો છે. ત્યારે શહેરમાં ગરબે ઘુમી માતાજીની આરાધના કરવા યુવાવર્ગ થનગની રહ્યો છે. શહેરમાં ગરબા સંચાલકો દ્વારા વિવિધ સ્થળો પર ગરબા કલાસીસનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. નાના બાળકથી લઈને મોટીવયના મહિલાઓ પણ ગરબા કલાસીસમાં જોડાઈને અવનવા સ્ટેપ્સ શીખી રહ્યા છે. જયારે ગરબા સંચાલકો દ્વારા મહિલાઓ માટે વિશેષ બેંચની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં જાણે અત્યારથી જ ગરબાની મૌસમ ખીલી હોય તેવું લાગી રહ્યું છે. નવરાત્રીએ શહેરના યુવાવર્ગ માટે આગવું સ્થાન ધરાવતો તહેવાર છે. દર વર્ષે નવા સ્ટેપ્સ, સ્ટાઈલ શીખીને ડ્રેસીંગ સાથે ગરબે ઘુમવાનો ક્રેઝ યુવાનોમાં જોવા મળે છે. આ માટે ત્રણેક મહિના અગાઉથી તૈયારીનો પ્રારંભ કરી દેતા હોય છે. વિવિધ કોરીયોગ્રાફરની મદદથી લેટેસ્ટ સ્ટેપ્સ શીખવા અને નવી ડીઝાઈનનો ટ્રેડીશનલ ડ્રેસ તૈયાર કરવવા માટે ખૈલેયાઓ રૂ.૫ થી ૫૦ હજારનો ખર્ચ કરતા પણ અચકાતા નથી. નવરાત્રીના ત્રણ માસ અગાઉ પહેલા ગરબા કલાસ ધમધમવા લાગે છે. આકરી પ્રેકટીસ બાદ નવ દિવસની નવરાત્રીને મનભરીને યુવાવર્ગ માણે છે. શહેરમાં વિવિધ ઠેકાણે સંચાલકો દ્વારા ગરબા કલાસીસનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ગરબા કલાસમાં અત્યારે હાલના સમયે નાના બાળકથી લઈને મોટીવયની મહિલાઓ પણ ગરબાના સ્ટેપ્સ શીખવા પસીનો વહાવી રહ્યા છે. ત્યારે મહિલાઓ માટે ખાસ અલગ બેંચની વ્યવસ્થા કરવામાં પણ આવી છે.



## @ગાંધીનગર

● વંદેમાતરમ પરિવાર અને શ્રી રંગ પરિવાર દ્વારા મંગળવારના રોજ બપોરના ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૮ દત્ત મંદિર ખાતે આનંદનો ગરબો યોજાશે.

● જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા મંગળવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન મહાલક્ષ્મીજીની વાડી, કંસારાફળી મેઈનબજાર, પેથાપુર ખાતે નિઃશુલ્ક પણે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે.

## લાયોનેસ કલબ દ્વારા પ્રેરણા વિદ્યાલય ખાતે આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૫/એ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શાળાના ૬૨૦ વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાં શાળાના ૭૭ વિદ્યાર્થીઓને આંખોના નંબર જણાતા તેનું નિદાન કરવામાં આવ્યું હતું. જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટી ગાંધીનગર સિવિલના ડૉ. ચતુરભાઈ પટેલ અને ડૉ. ઉર્વીશભાઈ પંડયા દ્વારા આંખોની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયોનેસ કલબના પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મિત્તલબેન રાણા, સાઈટ ફસ્ટના વાઈસ ચેરમેન નિકિતાબેન શાહ, એરિયા કો. પર્સન વૈશાલીબેન જોષી, ખજાનચી પ્રજ્ઞાબેન ગજ્જર અને કલબના અન્ય સભ્યો તથા શાળાના આચાર્યા મનિષભાઈ ખત્રી તેમજ શિક્ષણગણ પણ ઉપસ્થિત રહ્યો હતો.

## સિ.સિ.કા. દ્વારા ધો-૧૨ સાયન્સ પ્રવાહના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૧

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ધો-૧૨ના સામાન્ય પ્રવાહના તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં રહેતા વસાહતીઓના પાલ્યએ ધો-૧૨ સામાન્ય પ્રવાહની માર્ચ ૨૦૧૬માં લેવાયેલ પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવેલ હોય તેઓનું સન્માન કરાશે. આગામી તા. ૨૦મી જુલાઈ સુધીમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના કાર્યાલય ખાતે વિદ્યાર્થીઓએ માર્કશીટ અને અગત્યની વિગતો મોકલવાની રહેશે એમ સિ.સિ.કા.ના મંત્રી જે.એલ. શાહે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વૃધ્ધાશ્રમના વડીલોના ચહેરા પર વિદ્યાર્થીઓએ સ્મિત રેલાવ્યુ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)નાં વિદ્યાર્થીઓ આજે ''સર્વત્ર સંચાલન'' નું અમલીકરણ વાસ્તવિકતામાં કરી રહ્યા છે. શહેર રાજય તેમજ દેશની જવલંત સમસ્યાઓ પાણીનો બગાડ, વીજળીનો દુર્વ્યય, વૃક્ષારોપણ થી પર્યાવરણની જાળવણી જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિ કોલેજ અભ્યાસ ની સાથે-સાથે કરી અને સમાજ સામે દીવાદાંડી રૂપ ઉદાહરણ પૂરું પાડે છે. બી બી એ કોલેજ નાં યુવા વિદ્યાર્થી દીવ્યાંક પટેલ, માનસી, કેવિન, જૈમીન, કુસાલ, વિશ્વા દ્વારા પોતાના હાથ ખર્ચ માંથી રૂપિયા બચાવીને સ્વફાળા માંથી વૃદ્ધ વડીલોની સેવા કરવાનું સત્કાર્ય કરવામાં આવ્યું હતું. ગાંધીનગર નજીક પેથાપુર ખાતે આવેલ ઘરડાઘર ખાતે વિદ્યાર્થીઓએ આજે પોતાનો સમય વૃદ્ધ વડીલો માટે ફાળવ્યો હતો જ્યાં તેઓએ વડીલો સાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. તેમજ વડીલોને આરોગ્યપ્રદ ભોજન કરાવ્યું હતું. તેમજ તેઓનાં માટે એક સુંદર સંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી તેઓનાં પાનખરમાં હરિયાળી વસંતને લાવવાનો સાદર પ્રયત્ન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. કુલ ૧૦૫ વૃદ્ધો તેમજ સંચાલકો સહીત ગણમાન્ય નાગરિકો વિદ્યાર્થીઓનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અને વિદ્યાર્થીઓએ આ વરિષ્ઠ નાગરિકોનાં જીવનમાં નવચેતનાનો સંચાર કર્યો હતો. તેમજ તેમની પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા.





કાર્યક્રમ ની શરૂઆત કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ઠિએ તમામ વડીલો ને વંદન કરી જણાવ્યું હતું કે આપનું જીવન આરોગ્યપ્રધાન રહે અને સુખમયી રહે તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવું જણાવ્યું હતું ત્યારબાદ કોલેજ નાં પ્રાધ્યાપક ડો.જયેશ તન્ના એ હાજર રહેલા તમામ વડીલોને પ્રણામ કરી બી.બી.એ કોલેજનાં વિદ્યાર્થીઓ આજે સમાજના તમામ ક્ષેત્રે સવાકીય કાર્યોમાં આગળ આવી આધ્યાત્મિકતાથી માંડીને સર્વ નેતૃત્વ સુધીની ઘણી બધી પ્રવૃત્તિઓનું ખુબજ સફળતાપૂર્વક સંચાલન કરે છે તેઓએ તેમના વ્યક્તવ્ય માં બધાજ વડીલોને કહ્યું કે વર્તમાનકાળમાં વાસ્તવિક જિંદગી જીવવા માટે દરેક મનુષ્યએ ભૂતકાળને દફનાવી દેવો જોઈએ ભૂતકાળ આપણો વર્તમાનકાળ ક્યારેય બગડી શકવો નાં જોઈએ. જો વર્તમાનકાળ આપણો સારો હશે તોજ ભવિષ્યકાળને સરળ બનાવી શકીશું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજનાં ભુતપૂર્વ વિદ્યાર્થી દીવ્યાંક પટેલે અગ્રેસર રહી કામ કર્યું તેમજ આ કોલેજનાં ૨૦૦૪ માં પાસ થયેલા ડો.રિપ્પલ ભટ્ટ કે જેઓ આજે નેચ્રોથેરપીસ્ટ તરીકે સમગ્ર રાજ્ય માં ખુબજ નામના મેળવી રહ્યા છે. તેઓએ પણ આ ઘરડાઘરનાં વડીલો ને 'હેલ્થ ટીપ્સ' આપી.દવા વગર શરીર કેવી રીતે નીરોગી બનાવી શકાય તેમજ ઘૂંટણ અને કમરનાં દુખાવા શ્વાસની તકલીફ એસીડીટી, ગેસ તેમજ વાયુ, કફ અને સર્દી જેવા રોજના ફરિયાદ કારક હેલ્થને બગડતા તમામ અવરોધો કેવી રીતે ખુબ જ સહેલાઈથી અને નેચરલ રીતે આપણે જ કોઈ પણ દવા વગર નિવારી શકીએ તેની વિગતવાર માહિતી પ્રદાન કરી તેમજ તેઓએ નેચરલ થેરાપી નાં પ્રયોગો કરી તમારી હેલ્થ તમે પોતે જ સુધારી શકો તેની તાલીમ આપી હતી તેમની સાથે તેમજ પત્નીએ પણ ગાયનેકને લગતા પ્રશ્નો અને નીવારણ માટે વૃદ્ધો વડીલ બહેનોને સાથે વાર્તાલાપ કર્યો હતો. કાર્યક્રમનાં અંતમાં કોલેજનાં પ્રાધ્યાપક.ડો.નીરવ જોશી તેમજ પ્રો.પ્રજ્ઞેશ નવલખાએ વૃદ્ધ વડીલોને હાસ્ય ની રેલમ છેલમ માં ફેરવી બધાને ખુબજ હસતા અને આનંદ ઉત્સાહમાં કુદવા માંડ્યા તેવા પ્રયાસો કર્યા હતા.

આજના આ કાર્યક્રમ દ્વારા અત્રેની બીબીએ કોલેજે એ પણ પ્રસ્થાપિત કર્યું કે આજનું યુવાધન આવા અનેક પડકારજનક ઘટનાઓથી વાકેફ બને અને વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા પાંચ કુટુંબને જાગૃત કરે કે જેમને આપીને પાલીપોશી દુનિયાને લાયક બનાવ્યા એ જ માં-બાપ ને વૃદ્ધ ઉમરમાં તેઓને વૃદ્ધાશ્રમ માં મુકશો નહિ તેઓનો સહારો બનશો અને સેવા કરો એવા શપથ લીધા હતા.

## વાતવાતમાં

● સોમવારે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભીડ વધુ રહેતી હોવાથી કેટલાક 'સ્માર્ટ' દર્દીઓએ નવો તુક્કો શોધી કાઢી તાત્કાલિક વિભાગમાં કેસ કઢાવી દવા લેવા પહોંચી ગયા હતા. આ કારણે તાત્કાલિક વિભાગના કેસની બારીએ પણ લાંબી લાઈન લાગતા હોસ્પિટલના અધિકારીઓ દોડતા આવી ગયા હતાં.

● સે-૧૩માં ત્રણ માળના સરકારી આવાસોની હાલત એટલી જર્જરીત થઈ જવા પામી છે કે ઉપરના માળે રહેતા એક કર્મચારીએ તેના મકાનમાં નવી ટાઈલ્સ લગાડવાનું કામ હાથ ધરતા તેની નીચેના મકાનમાં પોપડા ખરવા લાગ્યા છે. નીચેના મકાનના રહીશ દ્વારા અનેક ફરિયાદો કરવા છતા તંત્રના બ્હેરા કાને જૂ પણ રેંગતી નથી.

● શહેરમાં લેબર કોન્ટ્રાકટરોમાં પરપ્રાંતિય શ્રમજીવીઓ વધુને વધુ ફેવરીટ બની રહ્યા હોવાનું એક નવું સમીકરણ જાણવા મળ્યું છે. મોટે ભાગે એકબીજાના રેફરન્સથી જ આવતા આ પરપ્રાંતિય શ્રમજીવીઓ પાસેથી તેમની ટિકીટ અને ઓળખપત્રના પુરાવાના આધારે 'ટેમ્પરરી પરમીટ' મેળવી આ કોન્ટ્રાકટરો દારૂ-બીયરની વ્યવસ્થા ગોઠવી કાઢવા તૈયારીઓ કરીને બેઠા હોય છે.

## ઓરડી ભાડે આપનાર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામની સીમમાં સ્થિત એક ઓરડીને અમદાવાદના ઓરડી મલિક મોહન ભાથીભાઈ પટણીએ એક વેપારીને વેપાર કરવા ભાડે આપી દીધી હતી. પર પ્રાંતિયને આ ઓરડી ભાડે આપી સ્થાનિક પોલીસને ભાડુઆત અંગે જાણ પણ કરવામાં આવી ન હતી. આ મામલે ગાંધીનગર એસઓજીની ટીમે જિલ્લા કલેટકરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી ઓરડા માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે વકતવ્ય યોજાશે

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા આહાર એ જ ઔષધ તથા આહાર અને યોગ સાથે કુદરતી જીવન શૈલી અનુસાર સ્વાસ્થ્ય જાળવણી અન્વયે તા. ૧૩ જુલાઈને બુધવારના રોજ સાંજે ૫.૦૦ થી ૫.૪૫ કલાક દરમિયાન માટી ચિકિત્સા અને સાંજે ૬.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડૉ. અનિલભાઈ ઉનાકર દ્વારા સે-૨૩, અરવિંદ કેન્દ્ર ખાતે વકતવ્ય યોજાશે. જેનો લાભ લેવા સર્વે નગરજનોને હાજર રહેવા જણાવાયું છે. માટી ચિકિત્સામાં નેચરોપથી વર્ષાબેન અને ડૉ. માનસીબેન સેવા આપશે.

## પરીણિતા સાથે મારઝુડ કરી સાસરીયાઓ ત્રાસ ગુજારતા હોવાની ફરિયાદ

### પતિ સહિત પાંચ સામે ગુનો દાખલ : ઈન્ફોસીટી પોલીસે તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતા આશા રાજેભાઈ ઠાકોરે ઈન્ફોસીટી પોલીસ મથકમાં સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. કુડાસણ ગામ આશાનું પિયર છે. આશાએ નોંધાવેલી ફરિયાદ મુજબ પતિ રાજેશ, સસરા રવાભાઈ સોમભાઈ ઠાકોર, સાસુ કેશીબેન રવાભાઈ ઠાકોર, જેઠ શૈલેષભાઈ ઠાકોર અને જેઠાણી રીંકલ ઠાકોરે મળીને પરિણીતા આશા સાથે મારઝુડ કરી ગાળાગાળી કરી અવારનવાર જાનથી મારી નાંખવાની ધમકી આપીને ત્રાસ ગુજાર્યો છે. છેલ્લા છ માસથી એક સંપ થઈ સાસરીયાઓ ત્રાસ ગુજારતા હોવાની ફરિયાદ નોંધાવતા ઈન્ફોસીટી પીએસઆઈ એમ.એચ. સોલંકીએ તપાસ શરુ કરી છે.

## એમ.બી. પટેલ શાળાના સુવર્ણજયંતિ મહોત્સવ અંગે યોજાયેલ બેઠક

ગાંધીનગર, તા.૧૧

વાવોલ સ્થિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયનો સુવર્ણ જયંતિ મહોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન સમારોહ બાબતે આગામી તા. ૨૪ જુલાઈના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મહત્વપૂર્ણ બેઠક શાળા સંકુલમાં મળશે. પ્રગતિ મંડળ વાવોલ સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયના પચાસ વર્ષની સુવર્ણ જયંતિ નિમિત્તે મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળના પ્રમુખ પોપટલાલ પટેલ અને ટ્રસ્ટી મંડળે શાળામાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન અને સુવર્ણ મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે ત્યારે સુવર્ણજયંતિ માટે જુદી જુદી સમિતિઓ બનાવી રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. આ પ્રસંગે સુવર્ણજયંતિનો લોગો અને પત્ર ટ્રસ્ટના સહમંત્રી અમરસિંહ ગોલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળના ટ્રસ્ટીઓ સર્વે અમરસિંહ ગોલ, સુવર્ણજયંતિ મહોત્સવના પ્રમુખ વિનોદસિંહ રાઠોડ, રામસિંહ ગોલ, ચિમનભાઈ શ્રોફ, ઉદ્યોગપતિ અને શિક્ષણજગતના તજજ્ઞ રમેશભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ અને નિલેશભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સુવર્ણજયંતિ મહોત્સવને અનુલક્ષી વર્ષ ૨૦૧૭ દરમિયાન શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે તેમ વિનોદભાઈ રાઠોડે જણાવ્યું હતું.



## વિસનગરા નાગર પરિવારના પ્રમુખપદે સનત પંડયા

ગાંધીનગર, તા.૧૧

શ્રી વિસનગરા નાગર પરિવાર



ગાંધીનગરના નવા વરાયેલ હોદ્દેદારોમાં પ્રમુખશ્રી સનતભાઈ વાસુદેવભાઈ પંડયા, ઉપપ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ અંબિકાપ્રસાદ રાવલ, ઉપપ્રમુખશ્રી કૌશિકકુમાર મુકુંદરાય રાવલ, ઉપપ્રમુખશ્રી ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતા, મહામંત્રી તરીકે મહેશભાઈ ડી. રાવલ, મંત્રી શ્રી મહેશભાઈ દશરથભાઈ ઠાકોર, શ્રી ગજાનંદ બાપાલાલ મહેતા, શ્રી ભરતભાઈ કિશોરચંદ્ર દેસાઈ, ખજાનચીશ્રી ગૌરાંગભાઈ ચંદ્રપ્રસાદ મહેતા, આંતરિક અન્વેષક : શ્રી નીખીલભાઈ પિયુષકાન્ત ભટ્ટ, હાટકેશ પાટોત્સવ કન્વીનર શ્રી મયંકભાઈ રજનીભાઈ દવે, શ્રી પરેશભાઈ મહેન્દ્રભાઈ રાવલ, શ્રી ભરતભાઈ અ. પંડયા, શ્રી રાજેન્દ્રભાઈ પોપટલાલ જોષી-વાવોલ, શ્રી બિદ્રેશભાઈ બાબુલાલ રાવલ, ચિરાગભાઈ પ્રવિણભાઈ રાવલ, શ્રી હેમંતભાઈ શિવકુમાર ભટ્ટ, શ્રી રાજુલભાઈ નરેશકુમાર ભટ્ટ, શ્રી દિવ્યાંગભાઈ હ. મહેતા, શ્રી આશિષભાઈ પંડિત, શ્રી વિનોદભાઈ રમણલાલ રાવલ, શ્રીમતી જયોત્સનાબેન જહા, શ્રીમતી સોનાલીબેન રાવલ કારોબારી સભ્યો તરીકે નિમાયા છે.

સલાહકાર સમિતિમાં શ્રી કૃષ્ણકાંતભાઈ જહા, શ્રી અંબિકાપ્રસાદ રાવલ, ડૉ. મહેન્દ્રભાઈ દવે, શ્રી સુરેશભાઈ નટવરલાલ મહેતા, શ્રી ભગવતીપ્રસાદ રાવલ, શ્રી મનુભાઈ મહેતા, શ્રી સુભાષભાઈ ભટ્ટ અને શ્રી પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતાની વરણી કરવામાં આવી છે.

# શહેરમાં થઈ રેતી વહન કરતી ટ્રકોથી આફત

## ધસમસતી ટ્રકોમાંથી બેસુમાર રેતી ઉડીને અન્ય વાહનચાલકોની આંખોમાં પડી રહી છે, હેલ્મેટ અને બેલ્ટ અંગે કડકાઈ દાખવતી પોલીસના આ મામલે આંખ મીંચોણા, લોકોની હાલત કફોડી

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં થઈ પસાર થતી રેતી વહન કરતી ટ્રકો સરેઆમ કાયદાનો ભંગ કરી રહી છે. ટ્રકમાં રેતી ભરી તેના ઉપર ચુસ્ત કપડુ બાંધવાનો નિમય છે છતાં શહેરના અમુક માર્ગો ઉપર ધસમસતી જતી ટ્રકો બેસુમાર રેતી ઉડાડી રહી છે. જેમાં અન્ય વાહનચાલકોની આંખોમાં આ રેતી અચાનક આવી જતા અકસ્માતોની સંભાવનાઓ વધી ગઈ છે. હેલ્મેટ અને બેલ્ટ માટે ચોરે ચૌટે અને ખડે પગે રહેતી પોલીસને આ ગંભીર ગણાતી બાબત દેખાતી જ નથી જે કારણે વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ છે.

શહેરમાં ભારવાહક ટ્રકોને ઘ, ગ, ચ, છ અને જ માર્ગ ઉપર દિવસ દરમિયાન પ્રતિબંધ છે પરંતુ ક, ખ અને ગ માર્ગ ઉપર ભાર વાહક ટ્રકો દિવસ દરમિયાન પૂરપાટ જતી નજરે પડી રહી છે. જેમાં રેતી વહન કરતી ટ્રકો હાલમાં બેફામ બની છે. ટ્રકમાં રેતી કપચી વગેરે સામાન વહન કરતી વખતે તેને કપડાથી કે તાડપત્રીથી ચુસ્તપણે બાંધવાની કાયદામાં જોગવાઈ અમલી છે છતાં ખુલ્લેઆમ આ ટ્રકો એક માર્ગ ઉપરથી બીજા માર્ગ ઉપર આવી જઈ તેજગતિએ પસાર થઈ રેતી ઉડાડી રહી છે. જેનાથી ઉડતી રેત પાછળ આવતા બાઈક ચાલક તથા અન્ય ચાલકોની આંખમાં પડી રહી છે અને અચાનક રેતી આંખમાં ઘુસી જતા બેબાકળા બનેલા વાહનચાલકો માંડ અકસ્માતથી બચી રહ્યા છે.

રાત્રીના સમયે શહેરના દરેક માર્ગ ઉપર રેતી વહન કરતી ટ્રકોનો ત્રાસ અસહ્ય બન્યો છે. વધુમાં રજાના દિવસે પણ આ ટ્રકો શહેરના તમામ માર્ગો ઉપરથી ખુલ્લેઆમ પસાર થઈ રહી છે. યમદુત સમાન આ ટ્રકોની ખુલ્લેઆમ દાદાગીરીથી વાહન ચાલકો ભયભીત બન્યા છે. પરંતુ હેલ્મેટ અને બેલ્ટના કાયદાની અમલીકરણ કરવા રઘવાઈ બનેલી પોલીસને આ ગંભીર ગણાતી બાબત નજરમાં જ ન આવતી હોય તેવું લાગી રહ્યું છે. શહેરના પ્રવેશમાર્ગો ઉપર ખડે માર્ગે રહેતી પોલીસ પાસેથી જ પસાર થતી આ ટ્રકો વિના રોકટોક નીકળી રહી છે. જો કે શહેરમાં ચાલતા કન્સ્ટ્રકશન કામમાં રેતીની જરૂરિયાત હોય તે સ્વાભાવિક છે પરંતુ આ રેતી પહોંચાડવા માટે કાયદાનો ભંગ થાય તે વ્યાજબી ન હોવાનું લોકો જણાવી રહ્યા છે. શહેરની પોલીસ આ અંગે સક્રિય બની લોકોના જીવન સાથે રમાતી આ રમત અટકાવે તે અત્યંત જરૂરી બન્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.



## વિસનગરા નાગર પરિવારના આગામી શ્રાવણ માસના કાર્યક્રમોની રૂપરેખા

ગાંધીનગર, તા.૧૧

શ્રી વિસનગરા નાગર પરિવારના આગામી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. શ્રાવણ માસમાં શિવ મહિમ્ન સ્તોત્ર દર સોમવાર, રવિવાર અને અમાસે ગોઠવવામાં આવનાર છે. જેનો સમય રાત્રીના ૮.૩૦ થી ૧૦.૦૦ સુધીનો રહેશે. જે સભ્યને પોતાના ઘરે શિવ મહિમ્ન સ્તોત્ર રાખવાની ઈચ્છા હોય તેમણે રૂ. ૨૫૧ ભેટ રૂપે આપીને તા. ૩૧-૭-૨૦૧૬ સુધીમાં શ્રી મહેશભાઈ રાવલને નામ નોંધાવવા જણાવાયું છે. પરિવારના ધાર્મિક પ્રવાસનું આયોજન પણ વિચારાયું છે. શ્રી સુભાષભાઈ અને શ્રી સનતભાઈ પંડયા આ અંગેની વ્યવસ્થા ગોઠવનાર છે.

નવા વર્ષના સ્નેહમિલન તથા ઈનામ વિતરણમાં તેજસ્વી તારલાઓનું સન્માન, ૭૫ વર્ષ વટાવી ચુકેલ વડીલોનું સન્માન, વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર જ્ઞાતિજનનું સન્માન કરાશે.

ઉપરોકત વિષયની માહિતી શ્રી મહેશભાઈ રાવલ, સે-૭-૧૨૨૨/૨, શ્રી દિવ્યાંગભાઈ મહેતા ૫૫૮/૭, શ્રીધર ફલેટ સે-૨૩, શ્રી કૌશિકભાઈ રાવલ-સહકાર કોલોની ૨૨૯, ગાંધીનગરને માહિતી પહોંચતી કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. પુરીબેન બાબુભાઈ પટેલ, ઉ.વ. ૭૦
- સ્વ. ધર્મિષ્ઠાબેન વસંતસિંહ ઠાકોર, ઉ.વ. ૨૦